સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

અલકાયદાની એ કોમી અપેક્ષા અહીં ખોટી છે,
આ સંદર્ભ વિના 'નિવેદન'ની સમજ છોટી છે,
મેજોરીટી મુસ્લિમોની માનસિકતા છે રાષ્ટ્રીય -
હૈયે વતનપરસ્તી, એમની વફાઇ મોટી છે
(વડાપ્રધાનનું નિવેદન)

હાઈકુ

સાથી પક્ષોમાં,
સત્તા માટે સીટોની -
દોરડાં-ખેંચ..

કોણ રમે છે?!
ગરબા ગ્રાઉન્ડમાં -
'માતાજી' માટે!!

ચિંતન

અનિષ્ટા દિષ્ટ લાભે અપિ ન ગતિર્જાયતે શુભા । યત્રાસ્તે વિષસં સગો અમૃતં તદપિ મૃત્યવે ॥

અનિષ્ટ સાધન અથવા ખરાબ માર્ગેથી મેળવેલી લક્ષ્મી કે ગમતી ઇષ્ટ વસ્તુનો લાભ થાય તો પણ પરિણામ સારું આવતું નથી અર્થાત એનો અંત તો ખરાબ જ આવે છે. જેમ કે વિષ-ઝેરની સાથે ભળેલું અમૃત હોય તો પણ મૃત્યુ તો આપે જ છે.

'પાપ કર્મો - કૌભાંડ- બે નંબરી-વિના પરિશ્રમથી-છળકપટ-દગાખોરી કે વિશ્વાસઘાત ચોરી-લૂંટ-ઘાત-હત્યાથી પ્રાપ્ત કરેલી લક્ષ્મી અલક્ષ્મી-પાપ લક્ષ્મી છે. એના દ્વારા ખરીદેલી કોઇ પણ સુખભોગની વસ્તુ હકીકતમાં સુખ શાંતિ આપતી નથી. પરંતુ દુ:ખ-અશાંતિ આપે છે.'

દા.ત. ખરાબ પૈસાથી લીધેલું ટીવી-ક્યારેય શાંતિથી જોવા મળતું નથી. એમાં અવારનવાર ખોટીયો થાય-ખર્ચ કરવો પડે અને એટલો બધો ખર્ચ થાય કે 'મૂળ કિંમત' થી પણ વધી જાય. અથવા ઘરમાં 'અશાંતિ'નું કારણ જ ટીવી થઇ શકે.'

અલક્ષ્મી કદાપિ સુખ શાંતિ આપી ન શકે - પરિશ્રમથી કમાયેલો પૈસો પરમ શાંતિ આપે છે.

સુવિચાર

- अल्लाह को नमाज़ की जरूरत नहीं.. भगवान को पूजा की जरूरत नहीं, राम रहिम गले मिल जाये तो.. इन्सान को मज़हब की जरूरत नहीं **- દિનેશ પંચાલ**
- આ ત્રણ બનવાની તક માત્ર માણસને મળતી જ હોય છે.. શહીદ, વીર અને સંત **- સંત ફ્રાન્સીસ**
- પાપનો પશ્ચાતાપ એ 'રાવણ' છે પાપનો સાથ આપે તો 'કુંભકર્ણ' છે પણ પાપનો અભાવ એ 'રામ' છે **- મોરારિ બાપુ**
- મંદિરમાં ભગવાનનાં દર્શન થાય પછી એવી ઇચ્છા રાખીએ કે આપણું મન પણ મંદિર બની જાય **- એસ. ભટ્ટાચાર્ય**
- આ શરીર જ્યાં.. મન પણ ત્યાં જ રહે તેનું નામ 'યોગ' **- યોગ સૂત્ર**
- પાપ કરવાથી બચવું એ આપણા હાથની વાત છે જ.. પરંતુ પાપ કર્યા પછી પાપનાં પરિણામમાંથી બચવું એ આપણા હાથની વાત નથી જ **- ડો. પ્રણવ પંડ્યા**
- વખ વધતાં હોય તો કાપતા રહીએ છીએ.. વાળ વધતા હોય તો કાપતા રહીએ છીએ.. અને પૈસા વધતા હોય તો વધવા જ દેવાનાં?? **- નવનીત**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજના આપણા સાંસદ ક્યાંથી -કેમ મફત મળે તેની ફિરાકમાં હોય છે, મફતમાં બંગલા ખાલી કરતા નથી. સરકીટ હાઉસમાં ભાડાં-બીલ ચૂકવતા નથી.

બ્રિટીશ પાર્લામેન્ટના જાણીતા સાંસદ મી. ફોક્સની આ વાત છે. એકવાર એને ત્યાં એક દૂકાનદાર જૂનાં લેણાં ઉઘરાવવા આવ્યો. સાથે જૂના બિલની ઝેરોક્ષ પણ હતી. ત્યારે મી. ફોક્સ પૈસા જ ગણી રહ્યા હતા.

પરંતુ ફોક્સ કહે - તારા લેણાંની મને યાદ જ છે પરંતુ મારા મિત્ર શેરીડનને આજે આ પૈસા આપવાના છે એની પાસે તો મારું કંઇ લખાણ-પૂરાવો પણ નથી. ન કરે નારાયણ, હું કાલ મરી જાઉં તો એના પૈસા તો ડૂબી જ જાય ને! તમારી પાસે તો આ બીલની નકલ પણ છે જ એટલે મારા વારસો તમને એ પૈસા આપી પણ દે.

દૂકાનદારે ફોક્સની વાત સાંભળી કહ્યું - મને એમ કે તમે મારાં નાણાં ભૂલી ગયા હશો પણ તમારી આવી ઉચ્ચ ભાવના અને દાનત જોઇ હવે હું નિશ્ચિંત થયો છું. લો હું પણ મારો પુરાવો હવે ફાડી નાખું છું. આપને યોગ્ય લાગે ત્યારે પૈસા મોકલજો..

મી. ફોક્સ કહે, ઉભા રહો, જૂઓ તમારી ઉધાર તો શેરીડન કરતાં જૂની છે અને હવે તમારી પાસે પુરાવો પણ રહ્યો નથી. એટલે હવે, આ પૈસાના પ્રથમ હકદાર તમે જ થઇ ગયા છો. લ્યો! લઇ જાઓ..

આને કહેવાય દાનત..

Email - sureshchandrabhatt18@gmail.com

એક સમયે સાબરમતી નદીના કાંઠા વિસ્તારના જંગલોમાં નિર્ભય પણે સાબર વિહરતાં તેથી જ તો સાબરમતી નામ આ નદીને મળ્યું, આજે તેના રહેણાંક લાયક વિસ્તારો ઘટવાથી રોગચાળા અને શિકારને કારણે સાબરની સંખ્યા ચિંતાજનક રીતે ઘટી રહી છે

ઉનાળાનો કાળઝાળ ગરમીનો સમય હતો. બપોરની લગભગ અઢી વાગવા આવ્યા હતા. સાબરનાં પાંજરા પાસેથી પસાર થતાં મેં જોયું તો તેને પીવા માટે પાણીના કુંડ બનાવ્યા હતા તેમાં તળીયે માંડ થોડું પાણી દેખાતું હતું. બે સાબર પાણી પીવાની કોશિશ કરી રહ્યા હતા. તો ત્રીજું એક બચ્ચું પણ કદાચ તરસ્યું થયું હોય એવું લાગતું હતું. પણ પેલાં બે મોટાં સાબર તેને નજીક આવવા દેતાં ન હતાં.

આ સાબર એ એશિયાનું સૌથી મોટું હરણ છે. ગીચ ઝાડીવાળા ઢોળાવવાળા પ્રદેશો તેને વધુ અનુકૂળ આવે છે. તેથી અહીં પાંજરાં પણ એવી જગ્યાએ અને સાબરને પોતાનું નૈસર્ગિક નિવાસ લાગે એ રીતે બનાવવામાં આવ્યા છે. સાબરના શરીર પરની રુંવાટી ઘાટા બરછટ દેખાતા બદામી રંગની હોય છે. જે ઉંમર વધવા સાથે વધુ ઘટ્ટ થાય છે. નર-માદાના પ્રમાણમાં વધુ ઘટ્ટ રંગનો હોય છે. ખરી ધરાવતા આ પ્રાણીમાં ફક્ત નરને ત્રણ શાખાવાળા - દર વર્ષે ઉગતા અને ખરી પડતાં શિંગડાં જોવા મળે છે. જો કે માર્ચ-એપ્રિલ માસ દરમિયાન શિંગડા ખરી જાય છે. જેથી અત્યારે એ જોવા મળતાં નથી. આમ પણ સાબરની માદાને તો શિંગડા હોતાં જ નથી. શિંગડાવાળા નરને અંગ્રેજીમાં 'સ્ટેગ' કહે છે. સાબર આમ તો નિશાચર છે પણ પાંજરામાં તો દિવસેય ફરતાં જોઇ શકાય છે. મોટા ભાગે નર એકલા ફરતા હોય છે. નર-માદાની જોડી કે માદા સાથે નરની સંખ્યા હોય તેવા ફરતાં હોય છે. નર-માદાની જોડી કે માદા સાથેની નરની સંખ્યા હોય તેવા સમુહમાં પણ જોઇ શકાય છે. એક સમયે સાબરમતી નદીના કાંઠા વિસ્તારના જંગલોમાં નિર્ભય પણે સાબર વિહરતાં તેથી જ તો સાબરમતી નામ આ નદીને મળ્યું. આજે તેના રહેણાંક લાયક વિસ્તારો ઘટવાથી રોગચાળા અને શિકારને કારણે સાબરની સંખ્યા ચિંતાજનક રીતે ઘટી રહી છે. ત્યારે સાબરમતીના કિનારે પાણી માટે સંઘર્ષ કરતાં આ પ્રાણીને જોઇને હું વિચારમાં પડ્યો હતો ત્યાં હરણની સંભાળ રાખતો રણજીત સામેથી આવતો દેખાયો. તે નજીક આવ્યો એટલે મેં તેને સીધું જ પુછ્યું.

'રણજીત શું વાત છે, આજે સાબરનાં કુંડમાં પાણી ઓછું લાગે છે.'

'સાહેબ પાઇપ લાઇન તૂટી છે. રીપેરીંગનું કામ ચાલું છે.'

'પાઇપલાઇન કઇ રીતે તૂટી. લોખંડની પાઇપો નથી.'

'ના જૂના બોરથી મગર તરફ અને કોલોની તેમજ હરણ બાજુ સીમેન્ટની પાઇપો નાંખેલી છે. એ ઘણી જુની થઇ ગયેલી છે એટલે વારંવાર તૂટે છે.'

'આ પાઇપ લાઇનો જૂની એટલે કેટલી જૂની હશે. તને કંઇ ખબર?'

'મને તો ચોક્કસ કંઇ ખબર નથી પણ એવું સાંભળ્યું છે કે હરણનાં પાંજરા બન્યા પછી બોર બનેલો ત્યારે નંખાઇ હશે.'

'અત્યારે આ લાઇનો કોઇ રીપેર કરે છે?'

'હાં, કાળા શકરા અને નટુભાઇ પલ્મ્બરે લાઇન તૂટેલી ત્યાં ખોદીને કામ ચાલું કર્યું છે.'

'સારું'

મેં મોટર સાયકલ ને કીક મારી અને જે તરફ પાઇપ લાઇનની દુરસ્તીનું કામ ચાલતું હતું તે તરફ હંકારી ગયો. જોયું તો બે માણસોએ મોટો ખાડો ખોદેલો હતો. તેમાં સીમેન્ટની પાઇપો ખુલ્લી દેખાતી હતી. પાઇપના સાંધામાંથી ઝાડનાં મૂળીયાં અંદર ઘુસતાં સીમેન્ટનો સાંધો તૂંટી ગયેલો. કાળાજી મૂળીયાંને ખેંચી કાઢતાં હતા. નટુભાઇ પલ્મ્બર પેન્ટના પાયચા ઉપર ચડાવી ભરેલા પાણીમાં કંઇક ખાંખાખોળા કરતા હતા. મને આવેલ જોઇએ ખાડામાંથી બહાર નીકળ્યા અને મારી સમક્ષ આવીને ઊભા રહ્યા.

'કેટલીવાર લાગે એમ છે?' મેં પુછ્યું.

'કદાચ બે કલાક લાગશે. પાણી ઉલેચવું પડશે. બોર હમણાં બંધ કર્યો છે. સીમેન્ટનો સાંધો જામ થઇ જાય ત્યાં સુધી રાહ જોવી પડે.'

'તમારી વાત સાચી છે પણ આ કામ સાંજે પણ થઇ શકે. અત્યારે ગરમીમાં પ્રાણીઓ પાણી વીના ટળવળે છે. જાવ જઇને બોર ચાલુ કરો. આ સાંધો સાંજે કરજો.'

'ભલે, સાહેબ,' કહેતાં નટુભાઇ પ્લમ્બર બોર ચાલુ કરવા ગયા,

'કાળાજી, તમે પાણીની લાઇનોના જાણકાર લાગો છો. સિમેન્ટની આ લાઇનો ક્યારે નંખાઇ છે.'

'સાહેબ, ઘણા વર્ષો થયા. આ હરણોધાન બન્યું અને પાંજરામાં હરણ લવાયા ત્યારે તો ગાંધીનગરથી એક લોખંડની પાઇપ લાઇન નંખાવેલી. પણ હરણ અને મગરોની સંખ્યા વધતાં પાણીમાં પહોંચી વળાતું નહોતું. વળી આ ઓફીસ અને કોલોનીનાં બાંધકામ પણ ચાલું થયેલાં. તેથી એ વખતના સાહેબો એ બોર બનાવવાનું આયોજન કર્યું એ મુજબ હરણનાં પાંજરાની સામે જ બોર બન્યો. પણ એવું જાણવા મળેલું કે સરકારમાંથી ગ્રાન્ટ પુરતી નહોતી મળતી તેથી કરકસર કરી સીમેન્ટની પાઇપો નાંખીને પાણી પુરવઠો પહોંચે એવું કરાયેલુ.'

'તમે એ વખતે હતા?'

'હા, આ બધી લાઇનો નાંખવાનું કામ થયેલું તેમાં પહેલેથી છેલ્લે સુધી હું હતો.'

'તો... તો... પછી કઇ લાઇન ક્યાંથી ક્યા જાય છે. એ બધી તમને ખબર હશે ખરું ને?'

'હાં, સાહેબ નટુભાઇ પ્લમ્બર તો પછી આવ્યા. એ પહેલાં બધું કામ હું જ કરતો' કાળાજી એ કહ્યું.

'સાહેબ આ કાળા શકરા તો હરણોધાનની છટાનો જાણતલ છે, તમે એને જ પુછશો એ બધી એને ખબર હશે' નટુભાઇએ કહ્યું.

'એ તો હું જાણું છું. કાળાજીએ મને ઘણી વાતો કરેલી છે. તેમના જેવા જુના માણસો હોય તો કોઇ પણ પ્રશ્ન તો હલ કરવામાં સરળતા રહે. મને તેમણે ઘણી વાતો કરેલી છે. કાળાજી પણ હવે ખાડાની બહાર આવી ગયા હતા. કેમ કે બોર ચાલુ થતાં તૂટેલાં સાંધામાંથી પાણી ઝડપભેર બહાર આવી રહ્યું હતું. થોડો પાણીનો બગાડ થતો હતો પણ પ્રાણીઓને તરસ્યા તો ન જ રખાય ને, પેલા બંને જણ ગયા.'

ઇન્દ્રોડા ગામમાંથી હરણોધાનમાં આવવા માટેનો રસ્તો હતો. ગામ વચ્ચે થઇને મુલાકતીઓ આવતા. આજે છે તે ઇન્દ્રોડાના સ્ટેન્ડે ઉતરવું પડ્યું કે પછી વાહન દ્વારા ગામની વચ્ચો વચ્ચ થઇને હરણોધાનમાં આવવું પડ્યું ત્યાં કાંટાળા તારની ફેન્સીંગ હતી અને વચ્ચે સીમેન્ટનાં બે પીલ્લર ઊભા લોખંડનો ઝાંપો લગાવવામાં આવ્યો હતો. શરૂઆતના સમયમાં વિનામૂલ્યે પ્રવેશ હતો. વળી લોકોને આ જગ્યાની જાણકારી પણ ઓછી હતી. તેથી એકલદોકલ મુલાકાતીઓ જ આવતા પરંતુ હરણોધાનમાં જેમ તેમ આકર્ષણો ઉમેરાતાં ગયા તેમ લોકોને પ્રકૃતિમાં મહાલવાના એક સ્થળ તરીકે આ જગ્યાનું મહત્ત્વ વધવા લાગ્યું.

હરણોધાનમાં હરણ ઉપરાંત મગર ઉછેર કેન્દ્ર પણ બન્યું છે. તે ઉપરાંત મત્સ્ય ઉદ્યોગ વિભાગ તરફથી એક માછલી ઘર પણ બનાવવામાં આવ્યું હતું. શરૂમાં બે રૂપિયા ટીકીટ હતી. તે માટે ઝાંપા પાસે લીલારંગની લાકડાંની એક કેબીન મુકવામાં આવી હતી. ત્યાંથી ટીકીટ લઇને પ્રવેશ મળતો. અંદર કાચા રસ્તાઓ હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

મીનાબેનની સેવાકીય પ્રવૃત્તિની નોંધ ભાવનગરની વિવિધ સંસ્થાઓ દ્વારા લેવાઈ છે, તેમને શિશુવિહાર સંસ્થાએ ૧૦૦માં ચશ્મા વિતરણ કેમ્પ સમયે સન્માનિત કર્યા હતા, સ્વાતિ નારી સંસ્થા ભાવનગર દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવ્યું છે

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

સેવા અને શ્રમના પર્યાય સમા શિશુકુંજના કાર્યકર્તા કુ. મીનાબેન બળવંતરાય મકવાણા

ગાંધીજીની શિક્ષણ વિચારણામાં સેવા અને શ્રમને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગાંધીજી માનતા હતા કે યંત્ર નહીં માનવ જ મુખ્ય છે. ગાંધીજીની વિચારણાનો પ્રભાવ સૌરાષ્ટ્રના ઘણા ગાંધીવાદી શિક્ષણશાસ્ત્રીઓ ઉપર પડ્યો છે. તેમાંના એક એટલે શિશુવિહાર સંસ્થાના પૂ.માનભાઇ બાળકેવળણી ક્ષેત્રે અને અન્ય સેવાક્ષેત્રમાં ભાવનગરની જાણીતી સંસ્થા શિશુ વિહાર આજે વર્તમાન સમયે પણ કાર્યરત છે અને તેના કાર્યકર્તા બહેન કુ. મીનાબેન બળવંતરાય મકવાણાનો સહયોગ પણ આ સંસ્થાની પ્રવૃત્તિમાં નોંધનીય રહ્યો છે.

તેમના માતુશ્રી રસીલાબહેન અને પિતાશ્રી બળવંતરાયનો પરિવાર શ્રમજીવી પરિવાર અને મીનાબહેન પણ માતાપિતાને મદદરૂપ થવું જોઇએ તેવી માન્યતા ધરાવે. તેઓ માતાપિતાના વૃદ્ધત્વને સાચવી, તેમની સારસંભાળ લે છે અને સાથે સાથે સમાજસેવા કરી શિશુ - વિહારમાં પણ કાર્યરત છે તે તેમનાં જીવનનું ઉમદા પાસુ છે. તેઓશ્રી એસ.એસ.સી. પાસ થયા છે અને ૫૦ વર્ષની ઉંમરે પણ યુવાન જેવી સ્ફુર્તિ ધરાવે છે અને શિશુવિહારને પણ પોતાની સેવા દ્વારા ધબકતી સંસ્થાનો દરજ્જો અપોવ છે.

પિતાની ઉંમર થતાં પરંપરાગત દરજી કામના વ્યવસાયમાં આવક ટૂંકી પડતાં મીનાબેને શિશુવિહાર સંસ્થામાં પૂ. માનભાઇનો સંપર્ક કર્યો અને કામ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી. પોતાની આર્થિક જરૂરિયાત પણ જણાવી. ઇ.સ. ૧૯૯૮માં શિશુવિહાર સંસ્થામાં પગારદાર કર્મચારી તરીકે જોડાયા. અહીં માનભાઇના સાંનિધ્યમાં મીનાબેનનું ઘડતર થયું. વિચારસરણીમાં કેવળ કર્મચારી નહીં પણ સેવાભાવી કાર્યકર્તા તરીકે ચીવટથી કામ કરવું તેવો દૃઢ માન્યતા. મીનાબહેનના વ્યક્તિત્વમાં ઉમેરાઇ અને તેમનું વ્યક્તિત્વ શિશુવિહારની દરેક પ્રવૃત્તિમાં એકરૂપ બની ગયું.

શિશુવિહાર સંસ્થા વર્તમાન સમયે પણ ધબકતી સંસ્થા તરીકે બાળકલ્યાણની અને સમાજકલ્યાણની અનેક પ્રવૃત્તિ હાથ ધરે છે અને તેમાં મીનાબેનનો સહયોગ અગ્રેસર રહ્યો છે.

શિશુવિહાર દ્વારા યોજાતા નેત્રયજ્ઞમાં મીનાબેન દર્દીઓની યાદી બનાવવી, દર્દીઓ માટે ચા નાસ્તાની વ્યવસ્થા કરવી, જમવાના સમયે ભાવથી ભોજન પીરસવું, જે દર્દીઓને ઓપરેશન માટે વીરનગર જવાનું હોય, તેમને બસમાં બેસાડવા, વૃદ્ધ, અસહાય, એકલદોકલ દર્દીને હાથ, હિંમત હૈયાધારણ આપવી, ઓપરેશન અંગે દર્દીને સરળતાથી માહિતગાર કરવા, તેમનામાંમાં ઓપરેશન અંગે દર્દીને ભય દૂર કરવો, 'દર્દી દેવો ભવ' એ સૂત્રની જાતે અનુભવ કરીને તેમાં એ ઓતપ્રોત છે. આ માટેની પ્રેરણા જાણે કોઇ અગમ્ય તત્ત્વ અંદરથી પહોંચાડતું હોય તેવો અનુભવ મીનાબેન કરે છે. આ પ્રકારના ૧૫૦ જેટલા નેત્રયજ્ઞમાં મીનાબેન કાર્યરત રહ્યાં છે. સેવાધર્મનો આવો લહાવો ભાગ્યે જ કોઇ મહિલાને મળે છે અને મીનાબેનને તેનું ગૌરવ છે.

ગરીબ વિસ્તારોમાં ચશ્માની જરૂરિયાત હોય તેવા માણસોને તેમની આંખની પૂરતી તપાસ કરાવી યોગ્ય નંબરના ચશ્મા વિતરણની કામગીરી પણ મીનાબહેન રસપૂર્વક કરે છે. આ પ્રકારની જરૂરિયાતવાળા લોકો પછાત અને ગરીબ વિસ્તારમાં રહેતા હોય છે, જાતે પોતાની મુશ્કેલી સમજતા નથી, ડોકટર પાસે જઇ શકતા નથી, આવા લોકોને શોધી, ડોકટરની સુવિધા ઊભી કરી, આંખની તપાસ કરાવી તેમને ચશ્મા આપવાનું કામ મીનાબેન પોતાની સેવા સમજી કરે છે. તેમની ઉપસ્થિતિમાં આવા ૧૨૫ ચશ્મા વિતરણ કેમ્પ સંપન્ન કરવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિ વર્તમાન સમયે પણ ચાલુ છે.

શાળાકીય અભ્યાસ કરતાં બાળકોની દૃષ્ટિ ચકાસણીનું કાર્ય પણ શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે કરવામાં આવે છે જે બાળકોમાંથી જેમની આંખે નંબર હોય તેમને ચશ્મા આપવા, વધુ દૃષ્ટિ ખરાબ હોય તો આગળની કાર્યવાહી કરી તેમને ઓપરેશન કરાવી યોગ્ય સારવાર આપવી વગેરે પ્રવૃત્તિમાં પણ મીનાબેનનો સહયોગ રહ્યો છે. આ પ્રકારના ૨૪૦ કેમ્પનાં આયોજન કરી ચશ્મા વિતરણ કરવામાં આવ્યા છે અને પ્રવૃત્તિ અવિરત રહી છે.

ઉપરાંત એમ.એમ.આર. રસીકરણના કેમ્પમાં પણ મીનાબેન નોંધનીય સેવા આપે છે. આ પ્રકારના ૬૨ કેમ્પમાં સંપન્ન થયા છે. ખાસ કરીને આંગણવાડીના બાળકો માટે આ રસીકરણ ખૂબ લાભદાયી છે અને તે અંગે વાલીઓને મીનાબેન યોગ્ય સમજણ આપે છે.

મીનાબેનની સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ અન્ય સંસ્થાઓને પણ મળે છે. તેઓશ્રી દિવ્યજીવન સંઘની ભાવનગર શાખા કે જે છેલ્લા ૪૦ વર્ષથી કાર્યરત છે. તેની ધાર્મિક, આધ્યાત્મિક અને અન્ય સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહે છે. ઉપરાંત ભાવનગરની સત્ય સાંઇ સેવા સમિતિમાં જોડાઇને પોતાને સેવાકીય સહયોગ આપતા રહે છે. અહીં પણ તેમણે ચશ્મા વિતરણ કેમ્પમાં સારી કામગીરી બજાવી છે. તેવી ૪૮ કેમ્પના આયોજન થયાં છે.

મીનાબેનની સેવાકીય પ્રવૃત્તિની નોંધ ભાવનગરની વિવિધ સંસ્થાઓ દ્વારા લેવાઇ છે. તેમને શિશુવિહાર સંસ્થાએ ૧૦૦માં ચશ્મા વિતરણ કેમ્પ સમયે સન્માનિત કર્યા હતા. સ્વાતિ નારી સંસ્થા ભાવનગર દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવ્યું છે.

મીનાબેન માને છે કે વાડ વિના વેલા ન ચડે, તે મુજબ પૂ. માનભાઇએ પોતાને સેવાની કેડી પર પગલાં માંડતા શીખવ્યું અને જીવનના ઉત્તમ માર્ગે સેવાયજ્ઞનું શિક્ષણ આપ્યું તેની ધન્યતાનો અનુભવ મીનાબેન કરે છે. માનભાઇ પ્રત્યે તેમનો આદર ઘણો ઊંચો છે. વર્તમાન સમયે પચાસ વર્ષના મીનાબેન આ સેવાકીય પ્રવૃત્તિમાં સતત કર્મશીલ રહ્યા છે તે સૌ કોઇ માટે પ્રેરણારૂપ બિના છે. યુવાનો માટે તેમનું જીવન ઉદાહરણ સ્વરૂપ છે. આ તકે મીનાબેનને અનેક શુભેચ્છાઓ.

આપણા હાથમાં છે બાળકનું ભવિષ્ય અને સમાજનું ઘડતર

વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

રક્તપિત્તની જેમ બળાત્કારના દૂષણે આપણાં મન-મસ્તિષ્કધો સંવેદનારહિત બનાવી દીધાં છે. આ સમસ્યાનો ઉકેલ આપણે જ લાવવો પડશે.

આજનું બાળક ટીવીના યુગમાં મોટું થઈ રહ્યું છે. આજે દરેક વ્યક્તિ એવું માને છે કે પૈસો જ સર્વસ્વ છે અને એથી જ યુવાન માતાપિતા પોતાના સાવ નાના બાળકધો આયા કે કામવાળી બાઈના ભરોસે મૂકીને નોકરી પર ચાલ્યાં જાય છે. મહિનાના અંતે લીલી નોટની થોકડી એમના હાથમાં આવે ત્યારે તેઓ એમ સમજે છે કે દુનિયા એમની મુઠ્ઠીમાં છે, પરંતુ એ એમનો ભ્રમ હોય છે. કામવાળી બાઈના સંસ્કારોથી છરેલું બાળક જયારે માતાપિતાની વાત સમજી કે સ્વીકારી નથી શકતું ત્યારે માતાપિતાને વિષાદનો અનુભવ થાય છે.

આ બાળક માતાપિતાની ગેરહાજરીમાં ટીવી જોઈને મોટું થઈ જાય છે. ટીવીમાં આવતી દ્વીઅર્થી વાતો અને સંવાદોથી બાળકના મનમાં કુતૂહલ પેદા થાય છે અને એ ક્યારેક માતાપિતાને એના વિશે પૂછી લે છે ત્યારે માતાપિતાની હાલત કફોડી થઈ જાય છે. આજકાલ એક ગીત ખૂબ સાંભળવા મળે છે. એબીસીડી પઢ લી બહોત, અચ્છી બાતેં કર લી બહોત, અબ કરેંગે તેરે સાથ ગંદી બાત... આ ગીત સાંભળીને પાંચ વર્ષના એક છોકરાએ એના માતાપિતાને પૂછ્યું કે આ ગંદી બાત કઈ રીતે કરાય? દીકરાના આ સવાલનો જવાબ સ્વાભાવિક રીતે જ માબાપ પાસે નહોતો.

ફિલ્મમાં હીરોનો મોઢે ગવાતું આ ગીત સાંભળીને છોકરાના મગજમાં એક ગ્રંથિ બેસી ગઈ છે કે હીરો હંમેશાં હિરોઈન સાથે ગંદી બાત કરે છે. પછીથી એ એવું સમજી લે છે કે બધા છોકરા બધી છોકરીઓ સાથે ગંદી બાત કરે છે. પપ્પાએ પણ મમ્મી સાથે આવી જ કોઈ ગંદી બાત કરી હશે એટલે જ એમણે આ વિશે કંઈ જવાબ ન આપ્યો. ટીવી કલ્ચરમાં છરવાને કારણે આ અને આવા ઘણા સવાલો બાળમાનસને દિવસ-રાત સતાવતા રહે છે, પરંતુ એના જવાબ એને ક્યાંયથી મળતા નથી. આથી જ એ ન વિચારવાનું વિચારતું રહે છે અને ભવિષ્યમાં ખોટું પગલું પણ ભરી બેસે છે.

ટીવીના પડદે આખો દિવસ જાહેરખબરોનો મારો ચાલતો રહે છે. જેમાં શેવિંગ ક્રીમ, સાબુ, બાઈક, પર્ફ્યુમ સહિતની અનેક જાહેરાતોમાં સ્ત્રી મોડેલને ખૂબ જ અભદ્ર રીતે દર્શાવવામાં આવે છે. આ મોડેલ જે રીતના હાવભાવ દર્શાવે છે અને જે રીતનાં કપડાં પહેરે છે એ જોઈને બાળમાનસ પર અવળી અસર પડે છે. એટલું જ નહી, ઘણી વાર પૌરુષ વધારનારી દવાઓની જાહેરાતોમાં પણ સ્ત્રીઓને દર્શાવવામાં આવે છે. આવી પૌરુષ વધારનારી દવાઓના સેવનથી પુરુષનું પુરુષત્વ આક્રમક રીતે જાગૃત થઈને સમાજમાં જ અરાજકતા ફેલાવશે તો શું થશે એ દિશામાં દવા બનાવનારી કંપની કે આવી જાહેરાતો દર્શાવનારી ટીવી ચેનલ વિચારતાં જ નથી. આને આપણે સમાજનું ખુલ્લાપણું કહેશું કે નરી બીભત્સતા?

અહી એક આડ વાત કરવાનું મન થાય છે. મહિલા મોડેલ અર્ધનગ્ન અવસ્થામાં ટીવી પડદે આવે ત્યારે એ સારી રીતે જાણતી હોય છે કે એની આ હરકતથી સ્ત્રીઓની ગરિમા જોખમાઈ રહી છે, પરંતુ આ માટે એને ખોબે ખોબે પૈસા મળતા હોવાથી આ મોડેલ એક સ્ત્રી થઈને સ્ત્રીની ગરિમાને નેવે મૂકી દેતાં અચકાતી નથી. આ બધું જોઈને કુમળી વયના છોકરાઓના માનસ પર અવળી અસર થાય છે. આવી જાહેરખબરો દ્વારા આપણે સભ્યતાની કઈ પરિભાષા પ્રસ્તુત કરી રહ્યા છીએ?

આવા કલૂષિત વાતાવરણમાં છરેલું બાળક મોટું થઈને સ્ત્રીને એક ઓબ્જેક્ટ તરીકે જુએ એમાં કંઈ નવાઈ નથી. એના માટે સ્ત્રી એ સેક્સપૂર્તિનું એક સાધનમાત્ર છે. બાળપણથી પૌરુષ વધારવાની દવાઓની જાહેરખબરો જોઈને મોટા થયેલા છોકરાને એની કિશોરાવસ્થામાં આવી ચીજવસ્તુઓના અખતરા કરવાનું મન થાય છે. આથી એ છાનેછપને આવી દવાઓ લાવીને એનો પ્રયોગ કરે છે. આખરે એને પોતાની ઈચ્છાપૂર્તિ માટે કોઈ ન મળે ત્યારે એ બળાત્કાર જેવો જઘન્ય અપરાધ કરવા પ્રેરાય છે.

આવા કિશોરો એ સારી રીતે જાણે છે કે બળાત્કાર બદલ એમને માટે કાયદામાં કડક સજાની કોઈ જોગવાઈ નથી. એણે ગમે તેટલો મોટો અપરાધ કર્યો હશે તો પણ એને બાળ સુધાર કેન્દ્રમાં રાખવામાં આવશે. જયાંથી એ વધુમાં વધુ ત્રણ વર્ષના સમયગાળામાં તો છૂટી જશે. આ માનસિકતાથી એ વધુ બેફામ બની જાય છે. વળી એનાં માતાપિતાએ નોકરી સાચવવા માટે દીકરો નાનો હોય ત્યારે એની નાનીમોટી તમામ ઈચ્છાઓ પૂરી કરીને એને જાણેઅજાણે જિદ્દી બનાવી દીધો હોય છે. આથી જ આ છોકરો જયારે કિશોરાવસ્થામાં પ્રવેશે છે ત્યારે એના માટે પૈસાની કોઈ કમી હોતી નથી. માતાપિતા એને પોકેટમની તરીકે હજારો રૂપિયા આપે છે. જેનો એ દુરુપયોગ કરે છે.

આ બધા માટે કોણ જવાબદાર છે? છોકરી પર બળાત્કાર કરનાર કિશોર, એનાં માતાપિતા કે સમાજ? આ એક વિચારવા જેવો મુદ્દો છે. છોકરાની આ બીમાર માનસિકતા માટે વત્તેઓછે અંશે દરેક પરિબળ જવાબદાર છે. બાળક નાનું હોય ત્યારે એને સારા સંસ્કાર આપવા અને એનું યોગ્ય ઘડતર કરવાને બદલે માતાપિતા પૈસા કમાવા માટે દિવસરાત એક કરી નાખે છે. પૈસાની કમી ન હોવાથી મોટા થઈ રહેલા દીકરા પાછળ આંખો મીચીને રૂપિયા ખર્ચે છે. આ જ છોકરો જયારે સમાજમાં કલંકિત કામ કરે ત્યારે માબાપને આઘાત લાગે છે અને તેઓ પોતાના નસીબને દોષ દેવા લાગે છે, પણ ખરેખર એમણે એ વિચારવાની જરૂર છે કે દીકરાના ઉછેરમાં એમનાથી ક્યાં કચાશ રહી ગઈ છે?

આવાં બાળકો માત્ર રજાના દિવસોમાં જ માતાપિતાની સાથે થોડો સમય વિતાવી શકે છે. જેને કારણે એનું મગજ કુંઠિત થઈ જાય છે. વળી આવી સ્થિતિમાં ટીવી અને ફિલ્મો બળતાંમાં ઘી હોમવા જેવું કામ કરે છે. ટીવી અને ફિલ્મો જોઈને બાળક આપમેળે બધું સમજી જાય છે અને દુષ્પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે. અહી એક સવાલ એ પણ થાય કે એ કેવી ક્ષણ હોતી હશે કે જયારે કોઈ છોકરા કે કોઈ પુરુષનું પૌરુષ એના માથા પર સવાર થઈ જતું હશે અને એ બળાત્કાર જેવો જઘન્ય અપરાધ કરવા પ્રેરાતો હશે?

કોઈ સ્ત્રી કે સગીરા પર બળાત્કાર કરતી વખતે એને સ્ત્રી કે છોકરીની આજીજી કે આંસુ જરાય દ્રવિત નહી કરતાં હોય? એને એ પીડિતાના ચહેરામાં પોતાની માતા કે બહેનનો ચહેરો નહી દેખાતો હોય? શું એને એવો વિચાર નહી આવતો હોય કે જે એ આ સ્ત્રી સાથે કરે છે એ બીજો કોઈ પુરુષ પોતાની માતા કે બહેનની સાથે કરે તો શું થાય? આ આપણા આજના સભ્ય સમાજનું એક લક્ષણ છે એમ સમજવું કે પછી આને પુરુષોની બીમાર માનસિકતા સમજવી? શું આવી બીમાર માનસિકતાવાળા લોકોને આ સ